EXISTING ITEM	PROPOSED AMENDMENT (As per MORT&H Speciafication Item No.1608)
મકાનના સ્પેશીફીકેશન	મકાનના સ્પેશીફીકેશન
5.4.10 Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level.	5.4.10 Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level.
5.4.11 High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level.	5.4.11 High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level.
3.2 Reinforcement shall be measured in length including overlaps, separately for different diameters as actually used in the work. Where welding or coupling is resorted to in place lap joints, such	*3.2 Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so*

260
12/3/17

joints shall be measured for payment as equivalent length of overlap as per design requirement. From the length so measured, the weight of reinforcement shall be calculated in tones on the same basis of as per M-18 even though steel is supplied to the contractor by the department on actual weight. Length shall include hooks at the ends Wastage and annealed steel wire for binding shall not be measured and the cost of these items shall be deemed to be included in the rate for reinforcement.	*measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*
EXISTING ITEM	**PROPOSED AMENDMENT (As per MORT&H Speciafication Item No.1608)**
રસ્તાના સ્પેશીફીકેશન **Item No. 39 :** Providing steel reinforcement. a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details. b) High yield strength deformed bars reinforcement. (10) Reinforcement shall be measured in length separely for different diameters as actually used in the work, from the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS : 1732 even though steel is suppled to the contractor by the Department on actual wieghment. Length shall ilcude hooks at ends. Wastege and annealed steel wire for binding shall not be measured and cost of thes items shall be deemed to be	રસ્તાના સ્પેશીફીકેશન **Item No. 39 :** Providing steel reinforcement. a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details. b) High yield strength deformed bars reinforcement. *(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or*

included in the rates for reinforcement.	*other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*
<u>પુલના સ્પેશીફીકેશન</u> **Item: 21** –Providing (A) Mild Steel Reinforcement (B) High Yield Strength Deformed bars, reinforcements. (10) Reinforcement shall be measured in length including overlaps, separately for different diameter, as actually used in the work, where welding or coupling is restored to, in place of lap-joints, such joints shall be measured for payment as the equivalent length of over lap as per design requirement. From the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS 1732 even though steel is supplied to the contractor by the Department on actual weighment. Length shall include hooks at ends. Wastage and annealed steel wire for binding shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.	<u>પુલના સ્પેશીફીકેશન</u> **Item: 21** –Providing (A) Mild Steel Reinforcement (B) High Yield Strength Deformed bars, reinforcements. *(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*

(એન. જી. પરમાર) Ex. Eng.
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

અમદાવાદ મા.ક મ.વર્તુળ-૧
પત્રાંક/ 606 /2019 તા. 4/3/19
અધિ. કા.ઈ. શ્રી, મા.ક મ. વિભાગ,
અમદાવાદ, ઉપરોક્ત અધિકારશ્રી તથા વિભાગના અધિકારશ્રીઓને, તેઓના ધ્યાન ઉપર લાવી
સદર બાબત તમામ કામના અનુસંધાને સામેલ પત્ર
મુજબ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

અ.ઈ.શ્રી.લી અં.ક.

(૭)

પ્રતિ,

1) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
3) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય, પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4) અંગત સચિવશ્રી, અ. મુ. સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ, શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
7) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
9) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણ ભવન, ગાંધીનગર
10) મુ.ઈ. અને ડીરેકટરશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
11) ડીરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી), વડોદરા
12) ઉપ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
13) નાણાં સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., ખાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહિત).
15) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (ઉક્ત વર્તુળ હેઠળના.)
16) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
17) સર્વે તાંત્રિક શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
18) પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
19) શાખા સીલેકટ ફાઈલ – ૨૦૧૭

જા.નં. કુકિ/ટાઇપ/ 8320 /૨૦૧૭
તારીખ:- 11/3/૧૭

નકલ ઉપરના પ્રતિ, અમદાવાદ કાર્યપાલક ઈજનેરશ્રી, આ.મ.વિ. વિભાગ, અમદાવાદ/અંકલાવ તરફ આવશ્યક જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
આણંદ

SPECIAL CONDITION OF CONTRACT

(1) The unit rates of controlled cement concrete items for RCC work of mix M-100, M-150, M-200, M-250, M-300, M-350, M-400 and M-450 included in tender are taken considering cement consumption as shown below in Table-A.

TABLE-A

Sr. No.	Grade of Controlled Cement Concrete	Cement Consumption as per SOR in KG / Cum	Remarks
1	M-100 / M-10	220	
2	M-150 / M-15	290	
3	M-200 / M-20	360	
4	M-250 / M-25	380	
5	M-300 / M-30	410	
6	M-350 / M-35	425	
7	M-400 / M-40	440	
8	M-450 / M-45	450	

The contractor will have submitted the mix design for different grades of cement concrete at his own cost before execution as directed and same shall be got approved from the Engineer-in-charge. The rate of RCC items tendered by the contractor shall be reduced according to the cement consumption of the approved mix design, if the cement consumption of the mix design is less than as prescribed in Table-A. The recovery shall be made for the different of less consumption of cement at the input rate of cement mentioned in clause-60 A. The condition is also applicable to the (I) excess quantity for RCC items and (II) extra item rate lists. The condition is to be followed in addition to Clause-14. The condition is not applicable to Ready mix concrete items.

If there will be any change in grade of concrete items only the cost difference of cement wilbe paid / debited / deducted from concerned items as per mix design. If RMC plant procured of side by agency star rate wilbe payable and if due to any circumstances RMC from outside of site accordingly to Annexure-I of Technical Bid, the star rate wil not admissible to that quantity executed.

(2) The work halbe caried-out without using existing staircase, lift of any other infrastructure used by public in the campus. The work shalbe arried-out without damaging the existing structure however if any part of thereof is damage or spailed by the contractor the same shall be replaced or cleaned fo the satisfaction of Engineer-in-charge. As the existing is in use the contractor shall care for any accident or hazards during execution and Government / PWD staff is not responsible for any hazards but the contractor shall be totally responsible for the same, The contractor shall provide full safety measures upto the satisfaction of Engineerin-charge during construction to the public against any hazards or accidents, The contractor / firm shall not be entitled for claiming any expenditure against any replacement or redoing the damaged work or cleaning of spoiled mant the building. The contractor shall take all measures against spoiling of out side as well as inside finished surface of existing building during contraction of work.

Note: All concrete work should be carried-out by concrete mixing plant only with pumping facility.

Dated Signature of the Contractor.

Executive Engineer
R & B Division,
ANAND.

STANDARDS FOR CEMENT CONSUMPTION FOR DIFFERENT ITEMS OF WORK

Government of Gujarat
Roads & Building Department,
Circular No. PRC/10/2017/Cement Consumption/16/C
14, Sardar Bhavan, 2nd Floor,
Sachivalaya, Gandhinagar
Date:- 11/05/2017

Read:- Government of Gujarat, Road & Building Department, Sachivalaya, Gandhinagar Circular No. SOR/1085/7/H(1) dated 08/12/1986

CIRCULAR

The uniform rate of cement consumption for various item was prepared and circulated vide No. SOR/1085/7/H(1) dated 08/12/1986.

At the outset, current practice of estimating cement consumption in concrete item of various Building, Bridge and Road project is based on above circular. However, it is generally observed that the cement consumption derived by actual mix design is lower than the standard cement consumption. Some of provision of the said circular become obsolete due to subsequent revisions in the relevant IS code and IRC code. The maximum cement consumption as per IS : 456-2000 and IRC : 112-2011 is 450 Kg./m^3 . Also cement industry and aggregate crushing industry have involved better quality of cement and aggregate over the years which have far reacting impact on mix design of the present day concrete.

Mix design report of GERI reflecting entire Gujarat region have been considered in averaging the cement consumption in various grade of design mix concrete. To minimize the difference between standard cement consumption of cement and actual consumption derived by mix design by GERI and the cement consumption as per provision of IS and IRC code falling cement consumption is proposed for estimation purpose.

Looking the above facts, the cement consumption mentioned in circular vide No. SOR/1085/7/H(1) dated 08/12/1986 is required to modify as per below:

EXISTING ITEM			AMENDMENT		
Item	Unit	Quantity of cement to be used per unit quantity of work in Kg	Item	Unit	Quantity of cement to be used per unit quantity of work in Kg.
Building, Road & Bridge Items					
Providing & casting in situ ordinary cement concrete M75 for PCC work	Cu.m.	160	Providing & casting in situ ordinary cement concrete M7.5 for PCC work	Cu.m.	160
Providing & casting in situ ordinary cement concrete M100 for PCC work	Cu.m.	220	Providing & casting in situ ordinary cement concrete M10 for PCC work	Cu.m.	220
Providing & casting in situ ordinary cement concrete M150 for PCC work	Cu.m.	320	Providing & casting in situ ordinary cement concrete M15 for PCC work	Cu.m.	290
Providing and casting situ control cement concrete M200 for RCC work	Cu.m	400	Providing and casting situ control cement concrete M20 for RCC work	Cu.m.	360
Providing and casting situ control cement concrete M250 for RCC work	Cu.m.	450	Providing and casting situ control cement concrete M25 for RCC work	Cu.m.	380
Providing and casting situ control cement concrete M350 for RCC work	Cu.m.	500	Providing and casting situ control cement concrete M35 for RCC work	Cu.m.	425
Providing and casting situ control cement concrete M400 for RCC work	Cu.m.	525	Providing and casting situ control cement concrete M40 for RCC work	Cu.m.	440
Providing and casting situ control cement concrete M450 for RCC work	Cu.m.	540	Providing and casting situ control cement concrete M45 for RCC work	Cu.m.	450
New Item					
-	-	-	Providing and casting situ control cement concrete M30 for RCC work	Cu.m.	410

The cement consumption of other than above concrete item and other details mentioned in circular vide No. SOR/1085/7/H(1) dated 08/12/1986 will be remain same.

(N.G.Parmar)
Officer on Special Duty (S.P)
R&B Department
Gandhinagar

To,

1) The Personal Secretary, Office of the Secretary, Road & Building Department, Sehivalaya, Gandhinagar
2) The Personal Secretary, Office of the Secretary, Narmada, Water Resources, Water Supply and Kalpsar Department, Sachivalaya, Gandhinagar
3) The Personal Secretary, Office of the Principal Secretary, Health & Family Welfare Department, Sachivalaya, Gandhinagar
4) The Personal Secretary, Office of the Additional Chief Secretary, Urban Development and Urban Housing Department, Sachivalaya, Gandhinagar
5) The Personal Secretary, Office of the Principal Secretary, Panchayat, Rural Housing and Rural Development Department, Sachivalaya, Gandhinagar
6) Accountant General, Rajkot/Ahmedabad
7) All the Chief Engineers, Road & Building Department, Sachivalaya, Gandhinagar
8) All the Chief Engineers, Narmada, Water Resources, Water Supply and Kalpsar Department, Sachivalaya, Gandhinagar
9) The Managing Director, Gujarat State Road Development Corporation, Nirman Bhavan, Gandhinagar
10) The Chief Engineer & Director, Staff Training College, Gandhinagar
11) The Directro, Gujarat Engineering Research Institute (GERI), Vadodara
12) The Under Secretary, Gujarat Vigilance Commission, Vigilance Bhavan, Gandhinagar
13) All the Superintending Engineers, Road & Building Department (State, Panchayat, National Highway, Capital Project Circle, Electric Circle)
14) All the Executive Engineers, (as above circles)
15) All Technical Officers, Road & Building Department, Sachivalaya, Gandhinagar
16) All Technical Branches, Road & Building Department, Sachivalaya, Gandhinagar
17) President, Gujarat Contractors Association, Gajjara Hall, Law Garden, Law College Road, Ahmedabad
18) Branch Select file-2017

પત્ર ક્ર. સીઆરએમ-૧૦-૨૦૧૬-૦૨-સી

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪-૧૦-૨૦૧૭

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
માર્ગ અને મકાન વર્તુળ.

વિષય:- એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ છુટા કરવા બાબત

સંદર્ભ:- ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન ની રજુઆત

આથી એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ છુટા કરવા બાબતે અનુસરવાની થતી કાર્યવાહી માં ક્ષેત્રીય કચેરીએથી ઘણી વિસંગતતાઓ જણાયેલ છે તેવી રજુઆત મળેલ છે. આથી આ બાબતે નીચે જણાવ્યા મુજબ કામગીરી કરવા આથી સુચના આપવામાં આવે છે.

સુચના :-

'કામ પુર્ણ થયા પછી ફાઈનલ બીલના ચુકવણા થયા પછી એગ્રીમેન્ટ સીક્યુરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ ૧૫ દિવસે છુટા કરવાની જોગવાઈ છે જ. જેનો અમલ વિભાગીય કચેરી સ્તરે કરવો, તે માટે પેટા વિભાગમાંથી દરખાસ્ત કરવી/મેળવવી જરૂરી નથી.'

ઉક્ત સુચનાનો ચુસ્તપણે અમલ કરવો.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (સ.ર)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ
ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૦/૨૦૧૩

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૦૦૨-(૧૪)-સ તા.૨૮-૪-૨૦૦૩

(૩) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૮-૮-૨૦૧૪

(૪) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૨૦/૦૩/૨૦૧૬

આમુખઃ-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભિત પરિપત્રોથી રાજય સરકારના બાંધકામના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડરના ક્લોઝ-૩૬ અને બી-૨ ટેન્ડરના ક્લોઝ-૩૫માં ઉપરોકત સંદર્ભિત પરિપત્રોની તારીખથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગેના પ્રમાણપત્રોનો આગ્રહ રાખવાનો રહેશે નહી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે અને આ પરિપત્રોથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબતનો "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં તેમ વખતોવખત સૂચના આપવામાં આવેલ હોવા છતાં તેની અમલવારી બધા વિભાગમાં એકસરખી રીતે કરવામાં આવતી નથી. આ બાબત કોન્ટાકટર્સ એસોસીએશનની પુનઃ રજુઆત અન્વયે સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

પરિપત્રઃ-

આથી સંબંધિત સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીએ જે તે કામ પૂર્ણ થયેથી જે તે કામની સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી અંગે જે તે કામ માટે ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાના "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં.

વધુમાં સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, રોયલ્ટી ભરવા અંગેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારશ્રીની હોય સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવાની બાકી હશે તો તે ભરપાઇ કરવા ઇજારદારશ્રી બંધાયેલ છે તેવા પ્રકારની ઇજારદારશ્રી પાસેથી બાંહેધરી અયૂકપણે મેળવી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત બાબત ધ્યાનમાં લેવા અને તેના કારણે કામની સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરવા વિલંબ ના થાય તે માટે આથી સુચના આપવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (સ.૨.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

જે કામ માટે એકજ ટેન્ડર આવેલ
હોય તે ટેન્ડર પુનઃ માંગવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભઃ– પીઠીડબલ્યુ/૧૦૨૦૦૭/(ભાગ–૧)/સ

પ્રસ્તાવનાઃ–

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીંગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીંગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવું ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

ઠરાવઃ–

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. જે કામ/પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહિ તથા ટેન્ડર પુનઃ માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પૂરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single ટેન્ડર સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરી શકાશે.

૨. બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને [Single Tender] આવે, તો તે ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંકઃટીઈએન/૨૦૧૬/એફએ(મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

(પત્રથી)

જે ઇજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૯-૨૦૧૬

વંચાણે લીધા:- (૧) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

પરિપત્ર :-

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય/આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ યુક્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાકટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

1253
23/9/16

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(સ.ર.)
માર્ગ અને મકાન

ટેન્ડર માટે વાટાઘાટોની મિતી
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એસ/૨૨/૨૦૧૩/૬૩૬/૬.
તા.૦૮/૦૬/૨૦૧૮

આમુખઃ-

માર્ગ અને મકાન વિભાગના વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે. ક્યારેક ઈજારદારે ભરેલ ટેન્ડરના ભાવ જે તે વિસ્તારમા ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના ક્રમના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમા ઉંચા જણાય તેવા સંજોગોમા ઈજારદારને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. ક્યારેક જેતે ટેન્ડર ભરનાર ઈજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય ફાળવ્યાબાદ સક્ષમ અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી / વેલીડીટી લંબાવી આપતા નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પણ આપતા નથી. તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાથી ટેન્ડર ફરીવાર માંગવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્રઃ-

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે ક્ષેત્રિય કચેરીમાંથી જે તે વિસ્તારનાં સમાન પ્રકારનાં છેલ્લા ૭ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવા પાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઈજારદારને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઇ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઈજારદાર વાટાઘાટ કરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઈજારદાર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાના સમયગાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહીં અથવા વાટાઘાટ કરશે નહીં તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઈજારદાર પર શિક્ષાત્મક કાર્યવહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary, contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does not respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitive action will be taken on such contractor.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પત્રક)

Scanned by CamScanner

નકલ સાદર રવાના:-

- મુ.ઇ.શ્રી (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પંચાયત) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પા.યો.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ની. અને આ.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી અને નિયામકશ્રી (એસટીસી), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (વિશ્વ બેન્ક), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી અધિકારીશ્રી, જીએસઆરડીસી, નિર્માણભવન, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉક્ત વર્તુળ હેઠળના)

Scanned by CamScanner

તાકીદનું/સમયમર્યાદા/જીએસટી સંદર્ભ

કઃBGT/10/2017/45/B
ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૦૯/૨૦૧૮.

પ્રતિ,
સર્વે અ.ઇ.શ્રી/ખાતા પ્રમુખશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ GST કાયદા હેઠળ ઉપાડ અને વહેંચણી અધિકારીની નોંધણી અને TDS બાબત.

શ્રીમાન,

તા.૦૧/૦૭/૨૦૧૭થી રાજ્યમાં Goods & Service Tax(GST) નો અમલવારી શરૂ કરવામાં આવેલ છે. જેના કાયદાની કલમ ૫૦ મુજબ દરેક સરકારી કચેરી દ્વારા કોઇપણ ખરીદી કરવામાં આવે ત્યારે રૂપિયા ચૂકવવામાં આવે ત્યારે રૂપિયા પૂરી પાડનાર કે વિક્રેતા કોઇપણ કરાર હેઠળ રૂ. ૨,૫૦ લાખ કે તેથી વધુની કિંમતની માલ કે સેવા પૂરી પાડે તો તા. ૦૧/૧૦/૧૮થી અથવા ભારત સરકારના નોટિફિકેશનથી જાહેર કરેલ તારીખથી દરેક સરકારી કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી(DDO) કે જેઓ દ્વારા રૂ. ૨.૫૦ લાખ કે તેથી વધુની કાર હેઠળની સેવા અથવા માલ અંગે ચુકવણી કરવામાં આવી હોય ૨ ટકા લેખે TDS (Tax Deduction at source) કપાત કરવાનો રહે છે.

આ માટે દરેક ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO) એ Goods & Service Tax ની વેબસાઇટ www.gst.gov.in પર gst reg-07 નમૂનામાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જે માટે www.gst.gov.in હેઠળ services-registration હેઠળ તા. ૦૧/૧૦/૨૦૧૮ પહેલાં ફરજિયાત રજીસ્ટર્ડથી Tax Deductor તરીકે નંબર મેળવવાનો રહે છે.

આ અંગેની કાર્યપદ્ધતિની સમજ આપતું મેડલ્ટેશન વિભાગની વેબસાઇટ WMS પર આ સાથે મૂકવામાં આવેલ છે. જે મુજબ કાર્યવાહી હાથ ધરી **તા. ૨૫/૧૦/૨૦૧૮ પહેલાં તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ દ્વારા રજીસ્ટ્રેશન નંબર મેળવી લેવામાં આવે તે જોવા સર્વે સંબંધિત અ.ઇ.શ્રી/ખાતાના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.**

તા. ૦૧/૧૦/૨૦૧૮ બાદ કરવા કેસમાં રૂ. ૨,૫૦ લાખ કે તેથી વધુની ખુલ્લાણી પર ૨ ટકા Goods & Service Tax કપાત કરવિપાત હોય, Tax Deductor એટલે કપાત કર્યા તારીખની ૧૫ તારીખ સુધીમાં GST Reg-07 કેસમાં ટીડીએસ ફાઇલ કરવાનું પણ ફરજિયાત છે તેમજ જો સમયસર ટીડીએસ ભરપાઈ નહીં આવે તો દૈનિક રૂ. ૨૦૦/- લેખે વધુમાં વધુ રૂ. ૧૦૦૦/- સુધીની પેનલ્ટી લાગી શકે છે, ઉપરાંત જો કોઈપણ કર્મચારીનો ઇન્કમ ટેક્સ કપાત કરેલ હોય, પરંતુ આપને અત્રેથી સ્ટાફ્રેક્ટ તેમજ ઓનલાઈન સમયસરનીત્રમાં ટિકિટ ફાઈલ કરવા તથા કર ચૂકવણી (Payment of Tax) પણ ઓનલાઈન થાય તે અંગેની જરૂરી કાર્યવાહી કાર્ય કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(સોમલ ગઢ)
નાયબ નાણાંકીય(વ)
માટે અને મહાન નિયામક

નકલ રવાના: (અત્ર અને જરૂરી કાર્યવાહી માટે)
ઉપનિયામકશ્રી(તેકર),અને અને નકાર વિભાગ નાણાંકીય નાણાંકીય
- અને કાર્યપાલક ઇજનેર, મા.મે અને નકાર વિભાગ

તાકીદનું/સમયમર્યાદા/જીએસટી સંદર્ભ

ક્રમાંક:BGT/10/2017/45/B
ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૦/૦૯/૨૦૧૮.

પ્રતિ,
સર્વે અ.ઇ.શ્રી/ખાતા વડાશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: GST કાયદા હેઠળ ઉપાડ અને વહેંચણી અધિકારીની નોંધણી અને TDS બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયે આ સાથે નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક: જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ તા:૧૫/૦૯/૧૮ જાણ અને જરુરી કાર્યવાહિ સારૂ મોકલી આપવામાં આવે છે.

આ પરિપત્ર તથા અત્રેના તા:૧૯/૦૯/૧૮ના પત્રોથી આપવામાં આવેલ સુચનાનુસાર દરેક ઉપાડ અને વહેંચણી અધિકારી (D.D.O.) દ્વારા Tax Deductor તરીકે રજીસ્ટ્રેશન કરાવી રજીસ્ટ્રેશન નંબર મેળવી લેવાની કાર્યવાહી તા:૨૫/૦૯/૨૦૧૮ પહેલા પૂર્ણ થાય તે જોવા તેમજ આ કાર્યવાહિ સમયમર્યાદામાં પૂર્ણ થયેલ છે તે મુજબનું પ્રમાણપત્ર અત્રે મોકલી આપવા સંબંધિત સર્વે અ.ઇ.શ્રી/ખાતાના વડાશ્રીઓને જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

(કોમલ ભટ્ટ)
નાયબ સચિવ (બજેટ)
માર્ગ અને મકાન વિભાગ

સરકારના વિવિધ વિભાગો/ ખાતાઓ દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ TDS માટે નોંધણી નંબર લેવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
પરિપત્ર ક્રમાંક:-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫/૦૯/૨૦૧૮

૧. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૧૯/૦૭/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૨. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૨૫/૧૦/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૩. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૪. નાણા વિભાગનું તા.૧૪-૯-૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક. (GHN-89)/GST-2018/S.1(4)TH.

ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર જ્યારે કોઇ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસો રૂ.૨,૫૦,૦૦૦/- થી વધુની કિંમતનું ટેન્ડર બહાર પાડીને વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ મેળવે તો કુલ 2% (બે ટકા) ટેક્સ ડીડક્શન એટ સોર્સ કરવાનું થાય, જેમાં 1% (એક ટકો) ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ અને 1% (એક ટકો) સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ હેઠળ કાપવાનો થાય અને **SGST: 00060010101** તથા **CGST: 00050010101** સદરે, જે મહિનામાં ડીડક્શન થયું હોય તેના અંત પછીનાં ૧૦ દિવસની અંદર, સરકારી તિજોરીમાં જમા કરાવવાના રહેશે. વધુમાં, આ કપાત સામે કોન્ટ્રાક્ટરને ટી.ડી.એસ.ની કપાત કરનારે નમૂના GSTR-7A માં પ્રમાણપત્ર આપવાનું રહેશે તથા ઠરાવેલ સમય મર્યાદા મુજબ નમૂના GSTR-7 માં પત્રક ભરવાનું રહેશે.

આ કલમનો અમલ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ મુજબ તા.૩૦-૯-૨૦૧૮ સુધી મુલતવી રાખેલ હતો, જેનો અમલ હવે સંદર્ભમાં વંચાણે લીધેલા તા.૧૪-૯-૨૦૧૮ના જાહેરનામા અનુસાર તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો થાય છે, જેના માટે ગુજરાત જીએસટી અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૫ તથા ગુજરાત જીએસટી રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૧૨ (૧) અન્વયે ટેન્ડર દ્વારા ખરીદી કરનાર કે સેવા મેળવનાર સરકારી સક્ષમ અધિકારીએ નમૂના GST REG-07 માં અરજી કરીને નોંધણી દાખલો મેળવવાનો રહે છે.

ઉક્ત જોગવાઈઓનો અમલ તમામ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસોએ તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો હોઈ, તાત્કાલિક અસરથી જીએસટી નેટવર્ક ઉપર ઓન-લાઈન વિગતો ભરીને તથા જરૂરી પૂરાવા અપલોડ કરીને નોંધણી દાખલો મેળવી લેવો જરૂરી બને છે. આથી, સર્વે વિભાગો, ખાતાના વડા, તાબાની તમામ કચેરીઓ અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ, જેવી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત તેમજ સરકારી બોર્ડ અને કોર્પોરેશન, સરકારી કંપનીઓ, એસપીવી, વગેરે ને તેમના કાર્યક્ષેત્ર અને કામગીરી અનુસાર લાગુ પડવાપાત્ર હોય તો સત્વરે નોંધણી દાખલો મેળવી લેવા જણાવવામાં આવે છે. સદર કામગીરી માટે કોઈ કાયદાકીય માર્ગદર્શન કે ટેકનિકલ માર્ગદર્શન માટે જરૂર જણાય તો નજીકની રાજ્ય કર કચેરી અથવા જીએસટી નેટવર્કની હેલ્પલાઈન અથવા રાજ્ય કર કમિશનર દ્વારા અમદાવાદ અને અન્ય કચેરીઓમાં શરૂ કરવામાં આવેલ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે

(કે.એચ.પાઠક)
સંયુક્ત સચિવ (ટેક્સ)
નાણાં વિભાગ.

નકલ રવાના જાણ તથા જરૂરી અમલ સારૂઃ-

- સચિવાલયનાં સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ સચિવશ્રી
- તમામ કલેક્ટરશ્રી તથા ડીડીઓશ્રી
- તમામ બોર્ડ/કોર્પોરેશન
- તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

63/c.)

NOTIFICATION
FINANCE DEPARTMENT.
Sachivalaya, Gandhinagar.
Dated the 14th September,2018.

Notification No. 50/2018-State Tax

Gujarat Goods and Services Tax Act, 2017

No.(GHN-89)/GST-2018/S.1(4)TH:- In exercise of the powers conferred by sub-section (3) of section 1 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj.25 of 2017) and in supercession of the Government Notification, Finance Department No.(GHN-82)/GST-2017/S.1(3)/TH dated the 15th September, 2017, Notification No. 33/2017-State Tax, except as respects things done or omitted to be done before such supersession, the Government of Gujarat hereby appoints the 1st day of October, 2018, as the date on which the provisions of section 51 of the said Act shall come into force with respect to persons specified under clauses (a), (b) and (c) of sub-section (1) of section 51 of the said Act and the persons specified below under clause (d) of sub-section (1) of section 51 of the said Act, namely:-

(a) an authority or a board or any other body, -
   (i) set up by an Act of Parliament or a State Legislature; or
   (ii) established by any Government,

   with fifty-one percent. or more participation by way of equity or control, to carry out any function;

(b) Society established by the Central Government or the State Government or a Local Authority under the Societies Registration Act, 1860 (21 of 1860);

(c) public sector undertakings.

This notification shall be deemed to have been issued on the 13th day of September, 2018.

By order and in the name of the Governor of Gujarat,
K H Pathak
Joint Secretary to Government.

ઇજારદારશ્રીને કરેલ કામનું ચૂકવણું
RTGS/NEFT પધ્ધતિએ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:SSR-૧૦૨૦૧૭-૫૭-સી
તા.૩૦/૦૪/૨૦૧૮

આમુખ:-

ભારત સરકાર દ્વારા ડીજીટલ ટ્રાંઝેક્શનનો વ્યાપક ઉપયોગ થાય અને બેંકો દ્વારા ઉપલબ્ધ વિવિધ ઓનલાઇન બેંકીંગ સેવાઓનો ઉપયોગ વ્યાપક થાય તે માટે દરેક રાજ્યને સુચનાઓ આપેલ છે અને રાજ્યોને સક્રીય સહયોગ આપવા જણાવેલ છે. ગુજરાત સરકાર દ્વારા પણ વિવિધ સરકારી કચેરીઓમાં કેશલેશ ટ્રાન્ઝેક્શન થાય એ મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે વખતોવખત સૂચના આપવામાં આવેલ છે. ઇજારદારશ્રીઓના કરેલ કામનું ચૂકવણું RTGS/NEFTથી કરવાની પધ્ધતિથી ઇજારદારશ્રીઓને ઝડપથી નાણા મળી રહે છે. આ નેટ બેન્કીંગ પધ્ધતિ ખૂબ જ અસરકારક અને હકારાત્મક પુરવાર થયેલ છે. ઇજારદારશ્રીએ કરેલ કામનું ચૂકવણું આજના આધુનિક બેન્કીંગ પ્રમાણે RTGS/NEFTથી કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર:-

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ-૩૩૭ (પ્રકરણ-૧૪) અનુસાર જે તિજોરીઓની રોકડ લેવડ-દેવડ બેન્ક મારફતે થતી હોય ત્યાં શાખપત્ર અંગેના નિયમો પ્રકરણ-૧૩ની જોગવાઇને આધિન રહીને લાગુ પડે છે તેમજ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓ ઉપાડ અને વહેચણી અધિકારી તરીકે Cheque Drawingના Power ધરાવતા હોઇ,વિભાગીય કચેરી હસ્તકના ઇજારદારશ્રી દ્વારા કરેલ કામોના ચૂકવણાં માટે જીલ્લા તિજોરી ખાતેથી LC એડવાઇઝ મંજુર કરાવી, LCનો ચેક કાઢી, બેન્ક મારફતે જે તે ઇજારદારશ્રીને RTGS/NEFTહેઠળ ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આ પરિપત્ર સરખાકમાંકની ફાઇલ ઉપર તા.૦૬/૧૨/૨૦૧૭થી મળેલ નાણાં વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પાછળ)

પ્રતિ,

૧. સચિવશ્રીના અંગત સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર
૫. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૬. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા
૭. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૧૦. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)
૧૧. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
૧૪. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૮

(પાછળ)

AHMEDABAD R.& B. CIRCLE-2 AHMEDABAD.	
In.No. Date	314 28/6/18
Mail	
O.S.	
R.A.	
S.E.	

રસ્તા ઉપરનાં સી.ડી.વર્કસ / પુલો
માટે ડાયવર્ઝન બનાવવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક: પરચ/૧૦/૨૦૧૮/૧૫/સી.
તા.20/05/૨૦૧૮

આમુખ:-

પુલોના અંદાજમાં અલગ અલગ વિભાગો દ્વારા અલગ અલગ પ્રકારનાં ડાયવર્ઝન લેવામાં આવે છે. પરિણામે પુલોનાં કામમાં એકસૂત્રતા જોવાં મળતી નથી. આ બાબતે વિભાગમાં નિયત પ્રકારનાં ડાયવર્ઝન બનાવવામાં આવે તે બાબત ઘણાં સમયથી વિચારણામાં હતી. તે બાબતે પુખ્ત વિચારણાને અંતે પુલો / સી.ડી. વર્કસનાં કામો માટે સૂચવ્યા મુજબનાં ડાયવર્ઝન બનાવવા બાબતે નીચે મુજબ પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

પરિપત્ર:-

રસ્તાના વિકાસના કામ પૈકી રસ્તાને પહોળો કરવાના કે હયાત સ્ટ્રકચરને નવા બનાવવાના કામમાં હયાત કેરેજ-વે જેટલી પહોળાઈનો ડાયવર્ઝન બનાવવાનું રહે છે અથવા મહત્તમ ૪ મીટર પહોળાઈમાં પાકું ડાયવર્ઝન બનાવવાનું રહે છે, આ ડાયવર્ઝનમાં બન્ને તરફ ૨.૫ મીટર પહોળાઈમાં માટીનાં સોલ્ડર બનાવવાનાં રહે છે. ડાયવર્ઝન નીચે જણાવેલ કરસ્ટ લેવાની રહે છે. જ્યારે ડાયવર્ઝનમાં પાઈપ લેવાના થાય ત્યારે તે ટીપીકલ ક્રોસ સેકશનમાં પાઈપના ડાયા મીટરને ધ્યાને લઈ નીચે જણાવેલ કરસ્ટ રહે તે પ્રમાણે ક્રોસ સેકશનમાં ફેરફાર કરવાનો રહેશે. વર્ટીકલ ગ્રેડીયન્ટ ૧:૩૦ લેવાનો રહેશે.

૧) માટી કામ.
૨) ૨૦૦ મીમી કોમ્પેક્ટેડ જી.એસ.બી. સબ બેઝ.
૩) ૨૦૦ મીમી કોમ્પેક્ટેડ જી.એસ.બી. બેઝ કોર્સ.
૪) પ્રાઈમીંગ કોટ તથા ટેક કોટ.
૫) પ્રીમીક્ષ કાર્પેટ સીલ કોટ અથવા મીક્ષ સીલ સરફેસીંગ.
૬) જરૂરિયાત પ્રમાણે પાઈપ.

આ ડાયવર્ઝનના વપરાશના ૭૦ ટકા મટીરીયલ પુનઃવપરાશમાં લઈ શકાશે તે રાયતરીકે અંદાજમાં તે મટીરીયલની ક્રેડીટ લેવાની રહેશે.

(એ.એચ.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ,
ગાંધીનગર

નકલ:

નિકાલ:- ટીપીકલ ક્રોસ સેકશન.

TYPICAL DIVERSION



Fig. 10.10 Temporary Diversion for Reconstruction of CD Works

APPLICATION :

The layout shown is applicable when a Cross Drainage structure has to be constructed and where a temporary diversion will need to be constructed for maintaining the traffic flow. The diversion in most cases would be on embankment; therefore delineation is essential for both day and night time.

રસ્તાના બાંધકામ / મરામત દરમ્યાન લેવાની
થતી સલામતી બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીડબલ્યુડી–૧૦–૨૦૧૩ –૦૧– સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૧૩

પરિપત્ર :–

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં રસ્તાના બાંધકામ અને મરામત ની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ બાંધકામ / મરામત ની કામગીરી દરમ્યાન બાંધકામની કામગીરી સાથે સંકળાયેલ મજુરો અને કર્મચારી ની સલામતી જરૂરી છે.બાંધકામ અને મરામતની કામગીરી કરતા મજુરો / કર્મચારીઓ ની સલામતીની સાથોસાથ રસ્તાનો વપરાશ કરતા રોડ યુઝર ની સલામતી પણ એટલી જ અગત્યની છે. અનુભવે જણાયેલ છે કે, વિભાગો / કોન્ટ્રાકટર દ્વારા બાંધકામ અને મરામતની કામગીરી હાથધરવામાં આવે છે ત્યારે મજુરો / કર્મચારીઓ અને રોડ યુઝર ની સલામતી પ્રત્યે જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવતુ નથી. બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન વાહન ચાલકો, રાહદારીઓ તેમજ અન્ય રોડ યુઝરની સલામતી માટે કામ ચાલુ હોય તે મુજબના દર્શાવવાના ચેતવણી દર્શક બોર્ડ, બ્લીકર વિગેરેનો ઉપયોગ થતો નથી / ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે, તથા ખરેખર કામ ચાલુ હોય તે સ્થળે એડવાન્સ વોર્નીંગ ઝોન તરીકે રાખવાના થતા સલામતી ઝોન નો પણ અભાવ હોય છે.પુખ્ત વિચારણાના અંતે અને અનુભવના આધારે રસ્તાના બાંધકામ અને મરામતની કામગીરી દરમ્યાન મજુરો / કર્મચારી અને રોડ યુઝરની સલામતી / સભાનતા વધે તે માટે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

(૧) રસ્તાના બાંધકામ / મરામત ની કામગરી દરમ્યાન IRC-SP-55-2001(Guidelines on safety in Road Construction Zones) ની માર્ગ દર્શીકા Fig. 2.1 Elements of Traffic control zone (નકશો સામેલ છે.પરીશીષ્ટ – ૧ મુજબ) જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે રસ્તાની કામગીરી જે લંબાઈમાં થતી હોઈ તેની બંન્ને તરફ પુરતી લંબાઈનો ટ્રાફીક કંન્ટ્રોલ ઝોન રાખવામાં આવે તથા આ ઝોનમાં રાખવાના થતાં જુદા – જુદા રીફલેકટીવ સાઈન બોર્ડ / સાઈનેજ, ટ્રાફિક કોન, નીયત અંતરે રાખવામાં આવે.

(૨) ટ્રાફીક કંન્ટ્રોલ ઝોન માં વાહનો ની સ્પીડના આધારે રાખવાના થતા એડવાન્સ વોર્નીંગઝોન અને ટ્રાન્ઝીશન ઝોન ની લંબાઈ IRC -SP-55-2001, ટેબલ ૨.૧ મુજબ પરીશીષ્ટ – ૨ મુજબ (સામેલ છે.) રાખવી અને ઓછા દશ્ય શ્રાવ્ય અંતરવાળા રસ્તાઓમાં વધારે એડવાન્સ વોર્નીંગ સાઈન વિગેરે રાખી કામગીરી કરવી. આ લંબાઈ કેઈસ ટુ કેઈસ સ્થળ સ્થિતિ પ્રમાણે અલગ– અલગ રહેશે.

(૩) બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન કામગીરી સાથે સંકળાયેલ મજુરો / કર્મચારી માટે કામગીરીના સમય દરમ્યાન સલામતી માટે ફ્લોરોસન્ટ જેકેટ, હેલ્મેટ, સેફટીશુઝ, હેન્ડગ્લોઝ વિગેરે પહેરી ને જ કામગીરી કરવી.

(૪) રાત્રિ દરમ્યાન કન્સ્ટ્રકશન કામને લગતી સંલગ્ન મશીનરી રોડ સાઈટ એટલે કે, કેરેજવે અને શોલ્ડર્સ ઉપર રાખવી નહિ અથવા જો રાખવાની થાય તો પુરતી સલામતી માટેના રીફલેટીવબોર્ડ, બ્લીકર, એડવાન્સ ચેતવણી દર્શક બોર્ડ વિગેરે રાખવા તેમ જ બને ત્યા સુધી રોડના કેરેજવે ને ખુલ્લો રાખવો અને જો મશીનરી કેરેજવે ઉપર જ રાખવાની થાય તો, એડવાન્સ રીફલેકટીવ ચેતવણીદર્શક બોર્ડ રાખવા, તેમજ જરૂરી ટ્રાફીક કંટ્રોલ ઝોન માર્કિંગ કરી / બનાવી સાવચેતી ના પગલા લેવા.

(૫) ચારમાર્ગીય રસ્તામાં જો, એક સાઈડ એટલે કે, દ્વિમાર્ગીય રસ્તામાં કામ કરવાનું થાય અને જો તેને બંધ કરવાનો થાય તો ટ્રાફીક કંટ્રોલ ઝોનની બંન્ને બાજુએ એડવાન્સ ચેતવણીદર્શક બોર્ડ જેવા કે, ફોરલેન ટુ ટુલેન અને ટુલેન ટુ ફોરલેન ના ટ્રાફીક મર્જીંગ, ટુલેન અહેડ જેવા રીફલેકટીવ બોર્ડ, ડાયવર્ઝન બોર્ડ વિગેરે બ્લીકર સાથે લગાવવા, જેથી વાહન ચાલક અગાઉથી જ આગળની લંબાઈમાં ટ્રાફીકની મુવમેન્ટ માટે રસ્તાની પરિસ્થિતિનો ખ્યાલ આવે.

(૬) દ્વિમાર્ગીય રસ્તામાં કામગીરી કરવાની થાય ત્યારે પણ ટ્રાફીક કંટ્રોલ ઝોનની બંન્ને બાજુએ એડવાન્સ ચેતવણીદર્શક બોર્ડ જેવા કે,ટુલેન ટુ સીગલ લેન અને સીગલ લેન ટુ ટુલેન ના રીફલેકટીવ બોર્ડ, ડેલીનેટર, ડાયવર્ઝન બોર્ડ વિગેરે બ્લીકર સાથે લગાવવા.

ઉપર મુજબ ની સુચનાઓ નો બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન ચુસ્તપણે અમલ કરવા સારુ તથા તમામ કોન્ટ્રાકટર, વર્કચાર્જ કર્મચારી અને સંલગ્ન કર્મચારી / અધિકારીશ્રીઓ ને પણ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે આપવાની રહેશે. અને તેઓ દ્વારા ચુસ્ત પણે અમલવારી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

Annexure - 1



Fig. 2.1. Elements of traffic control zone

Annexure - 2

TABLE 2.1 RECOMMENDED LENGTH OF TRAFIC CONTROL ZONES

Average Approach Speed (km/h)	Length of Advance Warning Zone (m)	Length of Approach Transition Zone (m)	Length of Working Zone (m)
51 – 80	100 – 300	50 – 100	)
81 – 100	300 – 500	100 – 200	) Varies
Over 100	1000	200 – 300	)

પરિશિષ્ટ - ૧



આકૃતિ

અથડામણ નિવારક વાહનવ્યવહાર અંગેના પટ્ટાઓ (એપ્રોચેન્ટ)

કોષ્ટક : ૨.૧. : વાહનવ્યવહાર નિયંત્રણ વિસ્તાર અંગેની સૂચિત લંબાઈ

રસ્તાના વાહનવ્યવહારની સરેરાશ ઝડપ (કિ.મી. / કલાક)	આગોતરી ચેતવણી વિસ્તારની લંબાઈ (મીટર)	રસ્તાના સંકુચન વિસ્તારની લંબાઈ (મીટર)	ગમગીરીની લંબાઈ વિસ્તાર (મીટર)
૫૦ થી ઓછી	૧૦૦	૫૦	)
૫૧ – ૮૦	૧૦૦ – ૩૦૦	૫૦ – ૧૦૦	)
૮૧ – ૧૦૦	૩૦૦ – ૫૦૦	૧૦૦ – ૨૦૦	)
૧૦૦ થી વધારે	૧૦૦૦	૨૦૦ – ૩૦૦	)

વર્ટીકલ વાયબ્રેટેડ પાઇપનો અંદાજમાં
સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એરાઓઆર/૧૦૧૮/૭૧૫/સી-૧,
તા.૧૨/૦૭/૨૦૧૮

આમુખઃ-

માર્ગ અને મકાન વિભાગમાં બાંધકામમાં નવી ટેકનોલોજી તથા માલસામાનની ઉપયોગીતાને ધ્યાને લઇ વિભાગના કામોમાં નવી ટેકનોલોજી અને નવા માલસામાનનો ઉપયોગ કરવામાં આવે છે. સી.ડી. વર્કસ માટે એન.પી.-૩ અને એન.પી.-૪ પાઇપ માટે હોરીઝોન્ટલ સ્પન પાઇપ તથા વર્ટીકલી વાયબ્રેટેડ પાઇપ એમ બે પ્રકારના પાઇપ વપરાશમાં લેવામાં આવે છે. વર્ટીકલી વાયબ્રેટેડ પાઇપ માટે પાઇપનું ટકાઉ પણ હોરીઝોન્ટલ સ્પન પાઇપ કરતાં વધારે હોય છે. આ બાબત ધ્યાને લેતાં નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્રઃ-

૧ રાજ્ય ધોરી માર્ગો, મુખ્ય જીલ્લા માર્ગો અને અન્ય જીલ્લા માર્ગોને ચારમાર્ગીયકરણ / ૧૦ મીટર પહોળા કરવા માટે મંજુરી મળેલ હોય તેમજ રૂ.૧૦ કરોડ અથવા તેથી વધારે રકમનાં રાજ્ય ધોરી માર્ગો, મુખ્ય જીલ્લા માર્ગો અને અન્ય જીલ્લા માર્ગોનાં મંજુર કામોમાં નવા પાઇપ કલવર્ટ બનાવવા માટે વર્ટીકલી વાયબ્રેટેડ એન.પી.-૩ / એન.પી.-૪ પાઇપનો અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ,
ગાંધીનગર

નકલ સાદર રવાનાઃ-

- મુ.ઇ.શ્રી (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પંચાયત) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પા.પો.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ની. અને આ.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી અને નિયામકશ્રી (એસટીસી), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (વિશ્વ બેન્ક), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી અધિકારીશ્રી, જીએસઆરડીસી, નિર્માણ ભવન, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ સહીત)
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉક્ત વર્તુળ હેઠળના)

email

તા. ૨૬/૭/૧૮

ઉક્ત રવાના સર્વે કાર્યપાલકો (વડોદરા વર્તુળ) તરફ રૂબરૂ તથા પરિપત્રમાં જાહેર સૂચનાઓનું મુસદ્દાઓ મોકલ કરવા

(આઇ.એ.) વર્તુળ

પુલો તથા મકાનોના બાંધકામ કામના
કામોમાં પાઇલ ફાઉન્ડેશન માટે પાઈલ
ઇન્ટીગ્રીટી (Intigrity) ટેસ્ટ કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એએસઆર/૧૦૨૦૧૮/૧૦૮/સી.
તા.૦૬/૦૪/૨૦૧૮

આમુખઃ-

પુલો અને મકાનોના બાંધકામના કામોમાં પાયાની માટીનો પ્રકાર (Type of foundation soil) તથા ફાઉન્ડેશન ઉપર પડતા ભાર (Structural load) ને ધ્યાને લઈ બોર્ડ કાસ્ટ ઇન સીટુ (Bored cast insitu) પાઇલ ફાઉન્ડેશન કરવાની જરૂરીયાત રહે છે. બોર્ડ પાઇલ ફાઉન્ડેશનમાં કોંક્રિટની કામગીરી પુર્ણ થયા બાદ કરવામાં આવેલ પાઈલની લંબાઈ, પાઈલમાં પડેલ તીરાડ, પાઈલના ક્રોસ સેકશનની વિગતો, કોંક્રિટના સ્તરમાં બાજુમાંથી પડેલ માટી (Soil incursions) વિગેરેની વિગતો જાણી શકાતી ન હતી. પરંતુ હવે અલ્ટ્રાસોનીક ટેસ્ટીંગ પધ્ધતિથી પાઈલ ફાઉન્ડેશનની ગુણવત્તા, પાઈલની લંબાઈ વિગેરે જાણી શકાય તેમ છે. તે ધ્યાને લેતાં પુખ્ત વિચારણાને અંતે પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

પરિપત્રઃ-

માર્ગ અને મકાન વિભાગમાં જે કામોની મંજુરી મળેલ હોય અને અંદાજ બનાવવાના બાકી હોય તેવા પાઈલ ફાઉન્ડેશનવાળા કામો માટે અંદાજમાં દરેક પાઈલ માટે પાઈલ ઇન્ટીગ્રીટી ટેસ્ટ (Pile Intergrity Test) ની જોગવાઈ રાખવાની રહેશે. તદઉપરાંત હાલમાં જે કામો પ્રગતિમાં હોય, ટેન્ડર માંગવામાં આવેલ હોય અને આ કામોમાં પાઈલ ફાઉન્ડેશન પ્રકારનાં ફાઉન્ડેશન કરવાના હોય તેવા તમામ કામોમાં પણ દરેક પાઈલ માટે પાઈલ ઇન્ટીગ્રીટી ટેસ્ટ (Pile Intergrity Test) કરાવી લેવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પાછળ)

બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ચુકવણા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરી /ગેરી દ્વારા તથા ૧૦% ગેરી લેબોરેટરીમાં કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ– પરચ/૧૦૨૦૦૭/૨૮/સી.
સચિવાલય, ગાંધીનગર
તા.:–૧૩/૦૫/૨૦૧૯

વંચાણે લીધા :– મા.મ.વિભાગ પરિપત્રનો ક્રમાંકઃ–પરચ/૧૦૨૦૦૭/૨૮/સી., તા.૩૧/૧૨/૨૦૦૯.

આમુખઃ–

માર્ગ અને મકાન વિભાગનાં બાંધકામના માલસામાનને પરીક્ષણો માટે સંદર્ભમાં દર્શાવેલ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો. આ પરિપત્રમાં દર્શાવેલ માલસામાન માટે પરીક્ષણોની સંખ્યાનાં ૧૦% નમુનાના પરીક્ષણો / ઓછામાં ઓછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવા, ૧૦% નમુનાનાં પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરીનો તથા ૮૦% નમુનાનાં પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર કરવાની સુચના આપેલ હતી. સમય જતા ગેરીમાંથી સમયસર પરીક્ષણોના પરીણામો ક્રમના ભારણને કારણે સમયમર્યાદામાં મળતા ન હતા. તેમજ જિલ્લા કક્ષાની ગેરી લેબોરેટરીમાં મર્યાદીત મટીરીયલનાં પરીક્ષણો થતા હોય, કેટલાંક મટીરીયલના પરીક્ષણો ગેરીની અન્ય જીલ્લાની લેબોરેટરીમાં આપવાના થાય છે. જેનીય કચેરીની રજુઆત અન્વયે આ પરિપત્રમાં સુધારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉક્ત વિચારણાને અંતે પ્રસ્તુત પરિપત્રમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે. જે આ પરિપત્ર કર્યાની તારીખથી અમલમાં મુકવાનો રહેશે.

પરિપત્રઃ–

બાંધકામના માલસામાનનાં કરવા પાત્ર પરીક્ષણો પૈકી ૮૦% પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર, ૧૦% પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરી અને ૧૦% પરીક્ષણો ગેરી/સરકારી ઈજનેરી કોલેજ/સરકારી પોલીટેક્નીક કોલેજમાં કરાવવાના રહેશે. <u>દરેક માલસામાનનું ઓછામાં ઓછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવાનું રહેશે.</u>

ઉક્ત જોગવાઈઓ સિવાય મા.મ.વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ ના પરિપત્રની અન્ય જોગવાઈ / શરતો યથાવત રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ કરજ પરના અધિકારી (નિ.વો.)
માર્ગ અને મકાન વિભાગ

Scanned by CamScanner

Government of Gujarat
Roads & Building Department
Sachivalay, Gandhinagar
G.R. No. SSR/10/2015/17/C
Date:20/06/2020

RESOLUTION

SUBJECT: Consolidated resolution of Prequalification Criteria for Construction Work of Roads, Bridges, and Buildings.

READ:
(1) Letter of R&B Department No.SSR/102000-(10)-C, dated 10/07/2000
(2) R&B Department Govt. of Gujarat Resolution No. SSR/2007/3208/2/C, dt.11.08.2009
(3) R&B Department Govt.of Gujarat Resolution No. SSR/1097/32/C, dt.15/06/2011
(4) R&B Department Govt. of Gujarat Resolution No. SSR/1097/32/C, dt.13/12/2011
(5) R&B Department Govt. of Gujarat Resolution No. SSR/1097/32/C, dt.05/02/2013
(6) R&B Department Govt. of Gujarat Resolution No. SSR/10/2015/17/C, dt.03/02/2017
(7) R&B Department Govt. of Gujarat Resolution No. SSR/10/2015/17/C, dt.24/10/2017

PREAMBLE:-

R&B Department Govt. of Gujarat had issued letter and Resolution (G.R.) regarding Prequalification Criteria for Construction Works of Roads, Bridges and Buildings time to time as above. It was under consideration of Govt. of Gujarat to consolidate such letters & GRs in to one consolidated GR for simplification and uniformity in administration.

RESOLUTION:-

After due consideration it is decided to issue a consolidated Resolution, consolidating all letters / Resolution as referred above, therefore Govt. is pleased to issue a revised consolidated government resolution by consolidating earlier government resolutions till the date of this resolution about prequalification criteria for construction works of roads, bridges and buildings as under.

PREQUALIFICATION OF BIDDERS

(A) PREREQUISITES:-

Prequalification shall be adopted when the amount of work put to tender exceeds as follows or as approved by the Government in specific cases.

Road works	Above Rs. 7.50 Crores
Bridge and Building works	Above Rs. 7.0 Crores
Electrical works*	Above Rs. 0.5 Crores

(* Includes any or combination of providing of AC plants, lifts sound systems of auditorium, refrigeration)

(B) SYSTEM:-

The process of evaluation shall be undertaken as mentioned in the Resolution in case of road/bridge/building work. In case of electrical works, the system shall be got prior approval from the authority competent to accept the tender. General precedence and Guidelines of Vigilance Commission shall be followed as well as in initial scrutiny (i.e. scrutiny of various documents like Submission of Tender Fee, EMD, Power of Attorney, Certificate of Registrar of company or Registrar of Firm, required Category of Registration as applicable,) before opening of price bid is also required to be followed.

(C) EVALUATION APPROVAL:-

When number of prequalified bidders are less than 2/3rd of the total bidders, list of qualified bidders shall be got approved from concerned Chief Engineer when evaluation is done by committee of Superintending Engineers as per appendix-C and Secretary (PS/ACS) when evaluation is done by committee of Chief Engineers as per appendix-C.

PREQUALIFICATION CRITERIA FOR THE CONSTRUCTION WORK OF ROADS, BRIDGES AND BUILDINGS

(1) ELIGIBILITY:

(a) For works having amount put to tender less than Rs.50 crores.

I. Bidder can be a firm having valid registration as per para (3) a herein below.

(b) For works having amount put to tender equal to or more than Rs.50 crores.

I. As per (a) above

Or

II. Bidder can be a Joint venture of not more than 3 firms.

a. Each partner firm should have valid registration as per para 3(a) herein below.

b. Lead Partner firm must have more than 51% financial participation and other members must have not less than 20% financial participation. (Total should be 100%)

III. No firm can bid for a given work simultaneously as separate bidder and as a member of any joint venture. Both, the firm and Joint venture shall stand disqualified in such case.

(c) Registered firm on registered on contractor's list and firm registered as its sister concern on registered on contractor's list, both simultaneously cannot bid the same work till the completion of 3 years of registration of sister concern as registered contractor.

(2) QUALIFICATION CRITERIA:

(a) ANNUAL TURN OVER

I. Annual turnover of any one of the last five financial years from current financial year, updated to the current financial year shall be more than Rs._____ crores (X). For guidance of deriving X : This value shall be derived by dividing amount put to tender by the time limit expressed in year/s for the proposed work.

II. For arriving at updated value, turnover of any financial year shall be multiplied by the enhancement factor corresponding to that year. These enhancement factor shall be as given in para 4 herein below.

III. For joint venture, the lead partner must have updated annual turnover not less than Rs._____ crores (51% of X) and remaining of each partners must have updated annual turnover not less than Rs. _____ crors (30% of X). The joint venture must collectively have updated annual turnover not less than Rs. _____ crores (X)

(b) SUCCESSFUL EXPERIENCE

Bidder must have as prime contractor or as nominated (approved by employer) sub contractor successful experience as follows:

I. At least one similar work having updated completion cost not less than Rs. _____ crores (40% of the amount put to tender of the proposed work)

II. Such work must have been completed within last five financial years i.e. from 31-3 _____ till the due date of bid for the proposed work.

iii. A work would qualify as similar work only if it meets with definitions given in Appendix-A.

iv. For updating completion cost of the work to the current financial year, procedure narrated in 2(a) ii shall mutatis mutandis apply.

v. For joint venture, qualifying threshold amount of updated completion cost would be

a. Lead member : Rs. _____ crores (75% of amount mentioned in b(i) i.e. 30% of amount put to tender)

b. Each of remaining members : Rs. _____ crores (51% of amount mentioned in b(i) i.e. 20.4% of amount put to tender.

(c) BID CAPACITY

i. The bidder must have available Bid Capacity (ABC) more than the amount put to tender.

ABC=2 * A * N – B

Where,

A is the maximum of updated total amount of works executed in any one year of the last five financial years i.e. from _____ to _____

N is the number of years prescribed for completion of the proposed work.

B is the amount of the existing commitments and ongoing works to be discharged during time interval of N years from the bid due date.

For the purpose of updating amount of works executed in any year, procedure narrated in para 2 (a) ii shall mutatis mutandis apply. Existing commitments shall include all such works for which letters of acceptance of the tenders have been received by bidder till the date on which bidder has submitted his bid for the proposed work.

ii. For joint venture, each member's available bid capacity shall first be reduced in proportion to his proposed financial participation. Sum of reduced available bid capacity of all the members should be more than the amount put to tender.

(3) OTHER REQUIREMENTS

(a) BIDDER'S REGISTRATION

i. Only those bidders shall bid whose names are borne on the approved list of registered contractors in the required class & category with Gujarat State R & BD/W.R.D.

ii. The contractors, who are registered in appropriate category of C.P.W.D., M.E.S., Railways and Indian State Governments, can also bid provided the bidder produce such registration certificate at the time of bidding and obtain registration in required class & category from the Gujarat State R & BD/W.R.D. before issuing work order. Bidder will solely be responsible for obtaining the required registration.

(b) LITIGATION HISTORY

The applicant should provide accurate information on litigation and/or arbitration resulting from Contracts completed or under execution by him over the last five years. A consistent history of arbitration awards/judgments against the applicant or any partner of a joint venture may result in disqualification for proposed work. If

the details of Litigation History is hidden by the applicant and later on it comes to knowledge of the employer the bidder shall be disqualified for the proposed work and other appropriate actions shall be taken against the bidder.

(c) MACHINERY/EQUIPMENT

Bidder shall have to assure availability of machinery/equipments in working condition as per Appendix-B. If bidder fails to provide proof of assured availability of required machinery, he will be disqualified for the proposed work. Machinery ownership document or lease/hire agreement for the work under tender shall be considered as valid proof for a assured availability.

(d) BIDDING IN E-TENDERING

i. Submission of application must be through e-tendering i.e. Electronic form.

ii. Bidders shall have to submit the bid in E-tendering form only.

iii. Bids of those bidders who have submitted all information, statistical details as required in the bid documents through E-tendering will only be considered. If the employer desires any clarification, for verification/clarification, ambiguity or difference found in the documents/statistical details submitted only (by E-tendering) by the bidder the same shall be furnished within stipulated time otherwise further processing will be carried out in absence of above and the bidders shall be liable for any consequence.

iv. No bidder can participate in more than one bid for proposed work.

(e) SUBMISSION OF DOCUMENTS

i. Following documents/papers shall form part of the bid.

1. JV agreement (when bidder is JV) clearly indicating the name of lead partner and percentage financial participation of each partner. JV agreement must also demonstrate responsibility of each partner. The JV agreement should be so signed as to be legally binding to all partners, jointly and severally.
2. Annual turnover certificates issued by Chartered Accountant for last five financial year.
3. Form 3A issued by employer to substantiate successful experience of similar work. When employer of similar work is not a government, following need also to be furnished.
   a. Self attested copy of Work Order
   b. Self attested copy of Agreement
   c. Self attested copy of Completion Certificate
   d. Self attested copy of Final Bill
   e. Self attested copy of TDS certificate
   f. Self attested copy of letter of permission given by employer for subletting the work.
4. Existing commitments and ongoing works as per Appendix-D
5. Litigation/Arbitration history
6. Proof of assured availability of required machinery/equipment
7. An undertaking for truthfulness of information on furnished

ii. Any information, data, statistics etc. which are not related to bid document will not be considered in evaluation even though furnished by the applicant.

iii. In accordance with stipulation of Para 3D (iii) Employer reserves the right to call any information/document which is mandatory, essential and critical for the purpose of evaluation. Any information provided by the applicant after last date of Electronic submission will not be considered in evaluation, unless except the employer has specifically asked for any information/document, which is mandatory, essential and critical for evaluation of PQ document. If required information is not furnished within stipulated time, proposal will be liable for rejection.

iv. If any of the information provided by the bidder is found false during scrutiny or at the later stage, his EMD shall be forfeited and he shall be disqualified for the proposed work. In case when bidder has furnished exemption certificate in lieu of EMD, an amount equal to EMD shall be appropriated from his FDR pledged to avail of exemption certificate. If any of the information provided by the bidder is found false after award of work, the performance security of the bidder shall be forfeited and the contract shall be terminated.

(4) ESCALATION FACTORS

Following enhancement factors will be applied to annual turnover and completion cost of works to bring them to the base year. The current financial year in which bid is invited shall be considered as the base year.

Year	Financial Year	Enhancement factor
Base year of inviting tender	20__-20__	1.0
-1	20__-20__	1.1
-2	20__-20__	1.21
-3	20__-20__	1.33
-4	20__-20__	1.46
-5	20__-20__	1.61

Officer on Special Duty (S.P.)
R&B Department
Gandhinagar

To,

1. P.A. to Secretary, R & B. Department, Sachivalaya, Gandhinagar
2. P.A. to Secretary; Narmada, Water Resources, Water Supply & Kalpsar Department, Sachivalaya, Gandhinagar.
3. P.A. to Secretary, Health & F.W. Department, Sachivalaya, Gandhinagar.
4. P.A. to Secretary, Urban Development & Urban Housing Department, Sachivalaya, Gandhinagar.
5. P.A. to Secretary, Panchayata, Rural Housing & Rural Development Department, Sachivalaya, Gandhinagar
6. Accountant General, Rajkot/Ahmedabad
7. All Chief Engineers, R. & B. Department, Sachivalaya, Gandhinagar

8. All Chief Engineers, Narmada, Water. Resources, Water Supply & Kalpsar Department, Sachivalaya, Gandhinagar.
9. Managing Director, Gujarat State Road Development Corporation Ltd., Nirman Bhavan, Gandhinagar
10. Director, Engineering Staff Training College, Gandhinagar
11. Director, Gujarat Engineering Research Institute (GERI), Vadodara.
12. Under Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar
13. Financial Advisor, R & B Department, Sachivalaya, Gandhinagar
14. All Superintending Engineers- R & B State/Panchayat/National Highway/ Expressway/ Capital Project/Ahmedabad City circle/World Bank/SHDP-PIU /Electrical Circles
15. All Executive Engineers of all divisions under the control of above circles.
16. All Technical Officers including Dy. Executive Engineers, R & B Department, Sachivalaya, Gandhinagar
17. All Project Branches R & B Department, Sachivalaya, Gandhinagar
18. Secretary, Gujarat Contractors Association, Gajjar Hall, Law Garden, Law College Road, Ahmedabad
19. Select file

APPENDIX-A

DEFINITION OF SIMILAR WORK:

1. ROAD WORKS :
   a. STRENGTHENING/RESURFACING/RENEWAL WORK
      i. Any asphalt work done by paver such as AC/BC/DBM/BM/SDBC/IPMC/BUSG
   b. WIDENING WORK
      i. Widening up to 7 m. of carriage way
      1. Any work of widening of carriage way to minimum 5.5 m. carriage way and should have items of WBM/ WMM and paver laid asphalt work.
      or
      2. New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/WMM and paver laid asphalt work.

      ii. Widening up to 10 m of carriageway
      1. Any road work of widening of carriageway to 10 m
      or
      2. Any road work of carriageway widening involving addition of carriageway not less than 3.0 m
      or
      3. New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/WMM and pave laid asphalt work.
   c. NEW ROADS/FOUR LANING/SIX LANING :
      1. New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/WMM and paver laid asphalt work.
      or
      2. Any road work of widening of carriageway up to 10 m involving items of WBM and WMM plus asphalt work done by paver.
      or
      3. Any road work of carriageway widening involving addition of carriageway not less than 3.0 m

Note: For prequalification cost of the work involving road widening is to be considered. If there is a package of works/ single work consisting combination of resurfacing, strengthening and widening of road, only cost of road widening carried out is to be considered for financial criteria. For example (1) If package consisting three road works in which one work is for strengthening, one work is for resurfacing and other work is for widening of road than cost of widening work is only to be considered for criteria of successful experience (2) If any single work consisting road works in which strengthening, resurfacing and widening of road than cost of widening work is only to be considered for criteria of successful experience.

2. BRIDGE WORKS
   i. Any bridge work having completion cost more than 40% of the amount put to tender and
   ii. Bidder shall have experience during last 10 financial years of executing bridge/s involving similar type of foundation and superstructure.

3. BUILDING WORKS

   a. *Building having frame structure/composite structure: Up to G + 3 storey*

      i. Bidder shall have experience for the construction of any building having frame/composite structure

   b. Building having frame structure/composite structure: *up to G + 5 storey*

      i. Bidder shall have experience for the construction of any building having frame/composite structure of *G + 2 storey and above*

   c. *Building having frame structure/composite structure: more than G + 5 storey*

      i. Bidder shall have experience for the construction of any *building having frame/composite structure of G + 4 storey and above*

   d. Building having load bearing structure

      i. Bidder shall have experience for the construction of any building having load bearing structure

   Note : Construction of water tank, lift well, staircase cabin will not be considered as storey.

4. Any work which does not fall in above categories definition or of nature of similar work shall be approved from competent authority.

APPENDIX-B

Indicative list of minimum plant & equipment to be deployed on contract work

Sr. No.	Type of Equipment	Amount put to tender (Rs. in crore)			
		Up to Rs.10	Rs.10-20	Rs.20-50	Rs.50-100
1	Tipper Trucks	6	10	15	20
2	Motor Grader	1	2	3	4
3	Dozer	1	1	1	2
4	Front end Loader	2	2	2	4
5	Smooth Wheeled Roller	2	2	3	4
6	Vibratory Roller	2	2	2	3
7	Hot Mix Plant with Electronic Controls (minimum 60-70)	1	1	1	1
A	Continuous Batch Mix Plant * Min 120 TPH	0	1	1	2
8	Paver Finisher with Electronic Sensor*	1	1	1	2
9	Water Tanker	2	3	4	5
10	Bitumen Sprayer	1	1	1	2
11	Tandem Roller	1	1	1	1
12	Concrete Mixers with integral Wight batching facility	2	2	1	2
13	Concrete batch mixing plant minimum capacity-15 m^3/Hour	0	1	1	1
14	Concrete paver capable of paving 7.5 meter width extensible to 10 m in one single pass including all accessories. Such as automatic dowel bar inserter integral vibratory system and electronic sensors ancillary equipment for applying curing compound, joint cutting etc.	1	1	1	1
15	Concrete Batch Mixing plant with automatic control minimum capacity-100 cum/hour	0	0	0	1
		23	31	38	55

Note:- Above indicative list of minimum machinery shall be modified in accordance with requirement of work on case to case basis.

** The minimum requirement of Plants & Equipment specified in Appendix-B at Sr. 7-A and 8 will be considered for those works at the time of Prequalification in which estimated amount of Asphalt work to be done by Paver is of Rs.10/- crore or more, instead of amount put to tender of those works.*

The requirement of Sensor Paver in which Blade can be extended up to 10.00 Mtr. Width will be considered for the works of widening and strengthening/strengthening of road having existing 7.0 mtr. or more width of asphalt surface and for those works only in which the value of asphalt work to be done by Sensor Paver is of Rs.10/- crore or more, instead of amount put to tender of those works.

APPENDIX-C

EVALUATION COMMITTEES:

Committee	A		B	
	Committee A must comprise total 4 members as below 1. Concern Superintending Engineer 2. Other Superintending Engineer (same Head Quarter preferable) 3. Concern Executive Engineer 4. Concern Divisional Accountant		Committee B* must comprise total 4 members as below 1.Concern Chief Engineer,Chairman 2.Other Chief Engineer ,Member 3.Concern Superintending Engineer 4.Financial Advisor	
Type of Work under Evaluation	Road	Bridge/Building	Road	Bridge/Building
Amount put to Tender	Above Rs.7.50 crores and up to Rs.12 crores	Above Rs.7 crores and up to Rs.10 crores	Above Rs.12 crores	Above Rs.10 crores

* Chief Engineer's committee will be constituted as below.

1. For state works, Chief Engineer(R&B) and A.S. as Chairman, Chief Engineer(NH) and A.S. as member
2. For panchayat works, Chief Engineer(Pan.) and A.S. as Chairman, Chief Engineer(QC) and A.S. as member
3. For Capital project works, Chief Engineer(Cap.) and A.S. as Chairman, Chief Engineer(P.&P.) as member
4. For National Highway works, Chief Engineer(NH) and A.S. as Chairman, Chief Engineer(Pan.) and A.S. as member

APPENDIX-D

EXPERIENCE ALL PROJECTS IN PROGRESS

Give information about all projects which are in progress including the company has received a letter of intent/acceptance but a formal contract has not yet been awarded

Employer	Engineer responsible for supervision	Location & description of works	Value of contract	Cost of work executed as on date of this bid	Cost of work to be executed as on the date of this bid	Percentage of cost of work completion [Value of Col.5/Value of Col.4] x 100	Date of work order	Stipulated date of completion of work	Likely date of completion	Reasons for slow progress if any
1	2	3	4	5	6	7	8	9	10	11

<u>NOTE:</u>
Non disclosure of any information in the schedule will result in disqualification of the bidder.

(Signature of Bidder)

માર્ગ અને મકાન વિભાગ હેઠળ ચાલતા મકાનો/પુલોના/ રસ્તાના કામોમાં રેડી મીક્ષ કોંક્રિટ (RMC) ના ઉપયોગ બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૨/૭૫૧/સી-૧
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૨૩

સંદર્ભ: માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: એસઓઆર/૨૦૧૩/૧૭૧/સી-૧, તા.૧૫/૦૭/૨૦૧૩

પરિપત્ર ::

માર્ગ તથા પુલોના કામમાં કોંક્રિટ કામમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) નો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં રેડી મીક્ષ કોંક્રિટ વર્કસાઈટ ઉપર અથવા વર્કસાઈટની નજીક આવેલ થર્ડ પાર્ટીના કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર કરી સાઈટ પર લાવી In-situ કોંક્રિટ કરવામાં આવે છે. સંદર્ભિત પત્રથી એસ.ઓ.આર. વર્ષ ૨૦૧૩-૧૪ થી રેડી મીક્ષ કોંક્રિટ (આર.એમ.સી.) ને નવી આઈટમ તરીકે લેવામાં આવેલ છે.

અનુભવે જણાયેલ છે કે જે કામમાં વર્ક સાઈટથી દુર રહેલ પ્લાન્ટથી RMC (રેડી મીક્ષ કોંક્રિટ) લાવવામાં આવે છે તેના ઘટકોની ગુણવત્તા બાબતે સીધી દેખરેખ રાખી શકાતી નથી તથા નબળી ગુણવત્તાના કોંક્રિટનો વપરાશ થવાની શકયતાઓ રહેલ છે. જેને લીધે મકાન/પુલના સૌથી અગત્યના ધરાવતા સ્ટ્રકચરલ મેમ્બરની સ્ટ્રેન્થ જરૂરીયાત મુજબની નહીં મળવાની શકયતા રહે છે. ઉકત પ્રકારની ઘટનાઓ ન બને તે માટે વર્કસાઈટથી દુર આવેલ પ્લાન્ટથી સાઈટ પર લાવવામાં આવતા RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ના વપરાશ માટે નિયમો બનાવવા જરૂરી બનેલ છે.

સરકારશ્રી કક્ષાએથી પુખ્ત વિચારણાના અંતે, રેડી મીક્ષ કોંક્રિટના ઉપયોગ બાબતે નીચે જણાવ્યા મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રૂ.૫ કરોડથી ઓછી અંદાજિત રકમના કામના નકશા અંદાજમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ની આઈટમ ન લેતા, કંટ્રોલ કોંક્રિટની આઈટમ જ લેવી.

(૨) રૂ.૫ કરોડથી વધારે અંદાજિત રકમના કામોમાં ઈજારદારશ્રી દ્વારા માત્ર સાઈટ ઉપર ઉભા કરેલ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર થતા કોંક્રિટનો ઉપયોગ કરી શકે તેવી જોગવાઈ ટેન્ડરમાં કરવી, તેમજ આ માટે અલગથી કોઈ ચુકવણું કરવામાં આવશે નહી તેવી શરત પણ રાખવી.

(૩) ડામર બેચ મીક્ષ પ્લાન્ટની માફક કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટ માટે ઈજારદારે યાંત્રિક વિભાગનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત કરવું. આ બાબતે યાંત્રિક વિભાગે જરૂરી કાર્યવાહી નક્કી કરવાની રહેશે.

(૪) ખાસ કિસ્સામાં રૂ.૫.૦૦ કરોડથી વધારે અંદાજિત રકમના કામો માટે સાઈટ ઉપર ફકત જગ્યાના અભાવે પ્લાન્ટ ઉભો થઈ શકે તેમ ન હોય તો, અન્ય જગ્યાએ પ્લાન્ટ ઉભો કરવાનો રહેશે તેમજ તેવા કામો માટે સંબંધિત અધીક્ષક ઈજનેરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી ઈજારદારે સાઈટથી નજીકમાં નજીક પોતાનો બેચ મીક્ષ પ્લાન્ટ ઉભો કરી માત્ર તેમા તૈયાર કરવામાં આવેલ રેડી મીક્ષ કોંક્રિટનો જ ઉપયોગ કરી શકશે તેવી જોગવાઈ ટેન્ડરમાં કરવાની રહેશે આ માટે અલગથી કોઈ ચુકવણું કરવામાં આવશે નહી, તેવી શરત પણ ટેન્ડરમાં રાખવાની રહેશે.

(૫) ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સદર પ્લાન્ટની વખતો-વખત સ્થળ મુલાકાત લઇ પ્લાન્ટમાં તૈયાર થઇને કામના સ્થળ પર વપરાતા RMC અંગે ટેન્ડરની શરતો તથા વખતો-વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ/જોગવાઇઓનું પાલન થાય છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે.

(૬) બેચ મીક્ષ પ્લાન્ટ પર સેકશન અધિકારીએ નિયમિત ગેટપાસ ઇસ્યુ કરવાના રહેશે. તથા સિમેન્ટ,કપચી, રેતી, ગ્રીટ, પાણી વગેરેના ઉપયોગના સરકારશ્રી દ્વારા વખતો-વખત થયેલ ઠરાવો અને આપેલ સૂચના અનુસાર નિયત કરેલા પરિક્ષણો કરવાના રહેશે તથા પરિક્ષણના રેકર્ડ/રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૭) ગેટપાસમાં કોંક્રિટનો સેટીંગ ટાઇમ દર્શાવવાનો રહેશે, તેમજ નિર્ધારિત સમય પહેલા કોંક્રિટનો વપરાશ થઇ જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) IS 456 (2000) Reaffirmed 2021 : Plain and Reinforced concrete code of practice, IS 5892 (2004) : Concrete Transit Mixers Specification, IS 4926:2003 (Ready Mixed Concrete-Code of Practice), IS:10262 :2009 concrete Mix Proportioning - Guidelines, વિગેરે કોડ તથા અન્ય માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૯) RMC (રેડી મીક્ષ કોંક્રિટ) અંગેની અગાઉની જોગવાઇઓ રદ ગણવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૫/૦૬/૨૦૨૩ ની સચિવશ્રી(મા.મ.) ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.બી.કુકણા)
ઉપસચિવ(મુ.મ.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

— સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત મદદનીશશ્રી,
— સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ (રાજ્ય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ગુણવત્તા નિયમન, પાટનગર યોજના, નીતિ અને આયોજન, વિશ્વબેંક) માર્ગ અને મકાન વિભાગ.
— મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર.
— ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.), (યંત્રો અને ઓજારો), મા.મ.વિભાગ
— નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
— સર્વે અધીક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,
— સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ.
— નિયામકશ્રી, ગેરી વડોદરા,
— સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
— સીલેક્ટ ફાઇલ સી-૧ શાખા -૨૦૨૩

પૂર્વ લાયકાત (પ્રિક્વોલીફિકેશન ડોક્યુમેન્ટ) ની ચકાસણી કરવા માટે સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસએસઆર/૧૦૨૦૨૩/૧૧૦૦/સ
૧૪/૨, સચિવાલય, ગાંધીનગર,
તા.૦૩/૦૮/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) માર્ગ અને મકાન વિભાગનો પત્ર ક્રમાંક: એસએસઆર/૧૦૨૦૦૦/(૧૦)/સી, તા.૧૦/૦૭/૨૦૦૦
(૨) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૨૦૦૭/૩૨૦૮/૨/સી, તા.૧૧/૦૮/૨૦૦૯
(૩) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦૯૭/૩૨/સી, તા.૧૫/૦૬/૨૦૧૧
(૪) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦૯૭/૩૨/સી, તા.૧૩/૧૨/૨૦૧૧
(૫) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦૯૭/૩૨/સી, તા.૦૫/૦૨/૨૦૧૩
(૬) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦/૨૦૧૫/૧૭/સી, તા.૦૩/૦૨/૨૦૧૭
(૭) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦/૨૦૧૫/૧૭/સી, તા.૨૪/૧૦/૨૦૧૭
(૮) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦/૨૦૧૫/૧૭/સી, તા.૨૦/૦૬/૨૦૨૦
(૯) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એસએસઆર/૧૦/૨૦૧૫/૧૭/સી, તા.૧૭/૧૦/૨૦૨૨
(૧૦) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંક:-એમકેએમ/૧૨/૨૦૨૩/૦૧/ઇ, તા.૧૨/૦૭/૨૦૨૩

આમુખ:-

માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ઉક્ત સંદર્ભ દર્શાવેલ ઠરાવોથી રસ્તા, પુલો અને મકાનના કામો માટે પુર્વ લાયકાત નક્કી કરવા માટે માર્ગદર્શિકા તથા સમીતિની રચના કરવામાં આવેલ. ઉક્ત સંદર્ભ-૧૦ ના ઠરાવથી વિભાગ કક્ષાએ મુખ્ય ઇજનેરશ્રીઓના નામાભિધાન અને કાર્યક્ષેત્રમાં જરૂરી ફેરફારો કરવામાં આવેલ છે. આથી વિભાગ કક્ષાના કામો માટેની પુર્વ લાયકાત નક્કી કરવા માટેની સમીતિનું પુનઃગઠન કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુર્વ વિચારણાના અંતે વિભાગ કક્ષાના કામો માટેની પુર્વ લાયકાત નક્કી કરવા માટે નીચે મુજબની સમીતિઓની રચના કરવામાં આવે છે.

ક્રમ	કાર્યક્ષેત્ર	સમિતિના સભ્યો	સમીતિમાં હોદ્દો
૧	ઉત્તર ગુજરાતના રાજ્ય અને પંચાયતના કામો	- મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી.- - મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૨	દક્ષિણ ગુજરાતના રાજ્ય અને પંચાયતના કામો	- મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી - મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૩	સૌરાષ્ટ્રના રાજ્ય અને પંચાયતના કામો	- મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી - મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૪	રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ ગાંધીનગરના કામો	- મુખ્ય ઇજનેર (રા.ધો.) અને અધિક સચિવશ્રી - મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય

૫	પાટનગર યોજનાના કામો	- મુખ્ય ઈજનેર (પા.યો.) અને અધિક સચિવશ્રી - મુખ્ય ઇજનેરશ્રી (નીતિ અને આયોજન) - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૬	મુખ્ય ઇજનેરશ્રી (નીતિ અને આયોજન) હસ્તકના કામો	- મુખ્ય ઈજનેરશ્રી (નીતિ અને આયોજન) - મુખ્ય ઇજનેર શ્રી (એસ.ટી.સી.) - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૭	મુખ્ય ઇજનેરશ્રી (વિશ્વ બેન્ક) હસ્તકના કામો	- મુખ્ય ઇજનેરશ્રી (વિશ્વ બેન્ક) - મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય
૮	મુખ્ય ઇજનેરશ્રી (સ્ટાફ ટ્રેનીંગ કોલેજ) હસ્તકના કામો	- મુખ્ય ઈજનેર શ્રી (સ્ટાફ ટ્રેનીંગ કોલેજ) - મુખ્ય ઇજનેરશ્રી (નીતિ અને આયોજન) - સભ્યશ્રી ઉપલબ્ધ ન હોય તો મુખ્ય મથક, ખાતે ઉપલબ્ધ અન્ય કોઇ પણ મુખ્ય ઇજનેરશ્રી	-અધ્યક્ષ -સભ્ય

વધુમાં પુર્વ લાયકાત નક્કી કરવા બાબતેની સમીતિના અન્ય સભ્યો યથાવત રહેશે. સદર ઠરાવ પ્રસિધ્ધ થયેથી તેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના:

- સચિવશ્રી(મા.મ)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઇજનેર(દ.ગુ) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઇજનેર(ઉ.ગુ) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર (રા.ધો) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર (પા.યો.) અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (સ્ટાફ ટ્રેનીંગ કોલેજ),માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (વિશ્વ બેન્ક) ,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી(ની.આ.),માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સર્વે ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૩-સી-શાખા.

પત્ર ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૮૪૯/સી

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/૦૩/૨૦૨૩

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,

વિષય: "Call before U Dig" મોબાઇલ એપના ઉપયોગ કરવા બાબતે.

સંદર્ભ: ભારત સરકાર, સંચાર મંત્રાલય, દૂરસંચાર વિભાગનો તા.૦૭/૦૨/૨૦૨૩ નો પત્ર

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ખોદાણ કરતી એજન્સી/ કોન્ટ્રાકટરને ખોદાણ કરતાં પહેલાં "Call before U Dig" મોબાઇલ બેઝ એપ્લીકેશન ઉપર રજૂઆત કરી મંજુરી મેળવવા સંબંધિતોને સૂચના આપવા આજ્ઞાનુંસાર વિનંતી છે.

આ ઉપરાંત હવે પછી બહાર પાડવામાં આવનાર ટેન્ડર માટે નીચે જણાવેલ સ્પેશીયલ કંડીશન ઓફ કોન્ટ્રાકટ ટેન્ડરમાં રાખવી તથા હયાત કોન્ટ્રાકટસ અસ્તિત્વમાં હોય તેવા તમામ ઇજારદારને પણ જાણ કરશો.

SPECIAL CONDITION OF CONTRACT

All Agencies intending to carry out excavation have to carry out any type of excavation/digging only after prior intimation through "Call before U Dig" mobile application.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

૧.નકલ સાદર રવાના: શ્રી આશિષ ઠાકર, ડી.ડી.જી. (રૂરલ-૨) ગુજરાત એલ.એસ.એ. સંચાર. મંત્રાલય, દૂરસંચાર વિભાગ, ગુજરાત એલ.એસ.એ., [illegible] બી.એન્ડ ટી. એડમીનીસ્ટ્રેટીવ બીલ્ડીંગ, ખાનપુર, અમદાવાદ.

૨. નકલ રવાના: સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી [illegible]

વર્તુળ કચેરી હસ્તકના રૂા. ૧ કરોડથી વધુ રકમના
વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગના કામોમાં કોમ્પેકશનની
કામગીરી અંગેની સુચનાઓ.

પરિપત્ર ક્રમાંક :– એસએસઆર / ૧૦ / ૨૦૦૮ / ૧૮ / સી
માર્ગ અનેમકાનવિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૩/૧૦/૨૦૦૮

<u>પરિપત્રઃ–</u>

વર્તુળ કચેરીહસ્તકના રૂા.૧ કરોડથીવધુ રકમનાવાઈડનીંગ અને સ્ટ્રેન્ધનીંગના કામોમાં કોમ્પેકશનની જે કામગીરી કરવામાં આવે છે. તેમા દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત થાય તે જરૂરી છે. આ કામગીરીની ચકાસણી દરેક હોય રે ફરજીયાત પણે ડેન્સીટોમીટર ધી ગ્રેડ પ્રમાણે ઈજારદારશ્રી પાસેથી તૈયાર કરાવીને મેળવવાની રહેશે. જેની ચકાસણી સબંધિત નાયબ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ / અધિક્ષક મદદનીશ ઈજનેરશ્રી એ પણ કરવાની રહેશે. ઈજારદારશ્રીએ કરેલ કામની ડેન્સીટો પુરેપુરી મળ્યા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાની આથી સુચના આપવામાં આવે છે.

ઈજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બિલની ચુકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સુચવેલ પધ્ધતિ પ્રમાણે જે કામ કરવામાં આવેલ છે (કે કેમ ?) તેની ખરાઈ દરેક અધિક્ષક ઈજનેરશ્રી,પાસે કરાવ્યા બાદ જ બિલનું ચુકવણું કરવાનું રહેશે.

રૂા. ૧ કરોડ થી ઉપરના દરેક કામોમાં, સાઈટ ઉપર ઈજારદારશ્રીનો એન્જીનિયર ફરજીયાત પણે હોવો જોઈએ અને આ ઈજનેરનું ઓળખપત્ર પણ ઈજારદારશ્રીએ આપવાનું રહેશે અનને આ ઓળખપત્રની એક જ નકલ સબંધિત અધિક્ષક ઈજેનરશ્રીની કચેરીમાં રાખવાની રહેશે. જો ઈજારદારશ્રીનો ઈજનેર સાઈટ ઉપર હાજર ન રહેતો હોય તો ઈજારદારશ્રીને જરૂરી નોટીસ પાઠવવાની રહેશે અને આમ છતાં પણ ઈજારદારશ્રી સાઈટ પર તેમનો ઈજનેર ન મૂકે તો તેમનું રજીસ્ટ્રેશન ૩ વર્ષ માટે રદ કરવા નિયમોનુસાર દરખાસ્ત કરવી. જયારે માત્ર વાઈડનીંગની કામગીરી ઈજારદારે કરવાની હોય અને હયાત કેરેજવેની સ્ટ્રેન્ધનીંગની કામગીરી કરવાની હોય ત્યારે ઈજારદારે વાઈડનીંગની પહોળાઈમાં ધારાધોરણ મુજબના કોમ્પેકશન માટે બેબી રોલર લાવવું ફરજીયાત રહેશે અને ઉપર જણાવ્યા પ્રમાણેની ચકાસણી પણ કરવાની રહેશે.

નવા ડીટીપી મંજુર થાય તેમા ઉપર મુજબની શરત ખાસ મુકવા તેમજ હાલ જે કામો પ્રગતિ હેઠળ છે. તેમા પણ, ઉપરોકત સુચનાઓ મુજબ ફરજીયાતપણે કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (એસ.પી.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨. સર્વે ઉપ સચિવશ્રી,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે અધિક્ષક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વર્તુળ / પંચાયતમાર્ગ અને મકાન વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / પાટનગરયોજના(માર્ગ અને મકાન) વર્તુળ / આલેખન (માર્ગ અને મકાન) વર્તુળ / રાજયમાર્ગયોજના વર્તુળ સહીત.
૪. સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીમાર્ગ અને મકાન વર્તુળ / પંચાયતમાર્ગ અને મકાન વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / પાટનગરયોજના(માર્ગ અને મકાન) વર્તુળ.

રસ્તા, પુલો અને મકાન ના કામો માટે પુર્વ લાયકાત(Prequalificatica)ના માપદંડો બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક :- એસએસઆર-૧૦-૨૦૧૫-૧૭-સી
સચિવાલય, ગાંધીનગર
તા. 03-02-2016

સંદર્ભ:- મા.મ.વિભાગના પરિપત્ર ક્રમાંક:- એસએસઆર-૧૦-૨૦૧૫-૧૭-સી તા. ૨૫-૦૧-૨૦૧૬

મા.મ.વિભાગ ના સંદર્ભીત પરિપત્રથી રસ્તા, પુલો અને મકાન ના કામો માટે પુર્વ લાયકાત (Prequalification) ના સંકલીત માપદંડો પરિપત્રીત કરવામાં આવેલ છે. જે મુદ્દા (A) Prerequisites માં Road/Bridge/Building work - અને એપેન્ડીક્ષ -સી Evaluation Committees માં જણાવેલ છે. ઈજારદારશ્રીઓ હવે અદ્યતન મશીનરી અને ટેકનોલોજીથી કામો કરતા હોઈ નીચે દર્શાવ્યા મુજબ સુધારો કરવામાં આવે છે.

<u>પરિપત્ર:-</u>

સંદર્ભીત પરિપત્રના મુદ્દા (A) Prerequisites માં જણાવેલ રસ્તા/પુલ/મકાન ના કામો માટેના પુર્વલાયકાત મંજુર કરવા અને એપેન્ડીક્ષ-સી માં ઈવેલ્યુએશન કમિટીના મંજુરકરવા અંગેના સ્તરો હવેથી નીચે દર્શાવેલ પત્રક મુજબના રહેશે.

	નાણાંકિય મર્યાદા	હાલની જોગવાઈ (રૂ. કરોડ)	હવે પછીથી જોગવાઈ (રૂ. કરોડ)
૧.	રસ્તાના કામો માટે:-		
	(૧) P.Q. જરૂરી નથી	૪.૦૦ સુધી	૩.૫૦ સુધી
	(૨) અધિક્ષક ઈજનેરશ્રીઓની કમિટી	૧૦.૦૦ સુધી (૪.૦૦ થી ૧૦.૦૦ સુધી)	૧૨.૦૦ સુધી (૩.૫૦ થી ૧૨.૦૦ સુધી)
	(૩) મુખ્ય ઈજનેરશ્રીઓ ની કમિટી	૧૦.૦૦ થી વધુ	૧૨.૦૦ થી વધુ
૨.	પુલોના કામો માટે:-		
	(૧) P.Q. જરૂરી નથી	૪.૦૦ સુધી	૩.૦૦ સુધી
	(૨) અધિક્ષક ઈજનેરશ્રીઓની કમિટી	૧૦.૦૦ સુધી (૪.૦૦ થી ૧૦.૦૦ સુધી)	૧૦.૦૦ સુધી (૩.૦૦ થી ૧૦.૦૦ સુધી)
	(૩) મુખ્ય ઈજનેરશ્રીઓ ની કમિટી	૧૦.૦૦ થી વધુ	૧૦.૦૦ થી વધુ
૩.	મકાનોના કામો માટે:-		
	(૧) P.Q. જરૂરી નથી	૪.૦૦ સુધી	૩.૦૦ સુધી
	(૨) અધિક્ષક ઈજનેરશ્રીઓની કમિટી	૩.૦૦ સુધી (૪.૦૦ થી ૩.૦૦ સુધી)	૧૦.૦૦ સુધી (૩.૦૦ થી ૧૦.૦૦ સુધી)
	(૩) મુખ્ય ઈજનેરશ્રીઓ ની કમિટી	૩.૦૦ થી વધુ	૧૦.૦૦ થી વધુ

સંદર્ભીત પરિપત્રની અન્ય જોગવાઈઓ યથાવત રહે છે.

આ હુકમો નાણા વિભાગની તા.૨૮-૧૦-૨૦૧૬ ની નોંધથી સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

(એન.જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

રસ્તા, પુલ અને મકાનના બાંધકામના કામો માટે પૂર્વલાયકાતના માપદંડમાં વધારાની નવી જોગવાઇનો સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ SSR/10/2015/17/C
તા.૨૪/૧૦/૨૦૧૭

ઠરાવ

રસ્તા, પુલ અને મકાનના બાંધકામના કામો માટે પૂર્વલાયકાતના માપદંડો પૈકી નવા રસ્તા/કોર લેનીંગ/સીક્સ લેનીંગના રસ્તાના કામ માટે સીમીલર કામના માપદંડ માટે નીચે જણાવ્યા મુજબની જોગવાઇ હાલ અમલમાં છે.

(૧) નવા રસ્તા (ઓછામાં ઓછું 3.5 મીટર કેરેજવે વીડથથી ઓછી ન હોય), જેમાં ડબલ્યુબીએમ, ડબલ્યુએમએમ અને પેવરથી ડામરનો સમાવેશ થતો હોય એવા કામો તથા

(૨) ૧૦.00 મીટર સુધીના વાઇડનીંગ કરેલ રસ્તાના કામ જેમાં ડબલ્યુબીએમ, ડબલ્યુએમએમ અને પેવરથી ડામરનો સમાવેશ થતો હોય એવા કામો ગણતરીમાં લેવામાં આવે છે.

સદરહુ જોગવાઇમાં એક વધુ જોગવાઇ સામેલ કરવા બાબતે સરકારશ્રીમાં ઘણા લાંબા સમયથી વિચારણા હેઠળ હતું. જે અન્વયે નીચે મુજબ સામેલ કરવામાં આવે છે.

EXISTING	AMENDMENT
APPENDIX-A Definition of similar work (1) Road work (c) New roads/Four lanning/Six lanning (1) New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/WMM and paver laid asphalt work. OR (2) Any work of widening of carriageway up to 10 m involving items of WBM and WMM plus asphalt work done by paver.	APPENDIX-A Definition of similar work (1) Road work (c) New roads/Four lanning/Six lanning (1) New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/ WMM and paver laid asphalt work. OR (2) Any work of widening of carriageway up to 10 m involving items of WBM and WMM plus asphalt work done by paver. OR (3) Any work of carriageway widening involving addition of carriageway by 3.0 m

ઉપરોક્ત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (સ.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

Scanned by CamScanner

હોટમીક્ષ પ્લાન્ટ પર SCADA
સિસ્ટમનાં અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એમસીએન/૧૦૨૦૧૫/૨૦/હ
૧૪/૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૦૨/૨૦૨૧

<u>સંદર્ભ:</u>- (૧) મા.મ.વિ.નો પત્ર ક્રમાંક: એમસીએન/૧૦૨૦૧૫/૨૦/હ તા.૨૧/૦૯/૨૦૨૦

) <u>આમુખ:</u>

ગુજરાત રાજ્ય માં આશરે ૬૦૦ હોટમીક્ષ/બેચમીક્ષ પ્લાન્ટ પ્રસ્થાપિત કરેલ છે. આ પ્લાન્ટ દ્વારા વિભાગ હસ્તકનાં વિવિધ પ્રકારના માર્ગો પર ડામર કામની કામગીરી કરાવવામાં આવે છે. ઉપરોક્ત પ્લાન્ટ પર થયેલ કામગીરીની વિગતો ઓનલાઇન ત્વરિત ઉપલબ્ધ થાય, ઉપલબ્ધ વિગતોને આધારે કામગીરીનું પૃથક્કરણ થઈ શકે, થયેલ કામગીરીની ગુણવત્તાનું મોનીટરીંગ થાય અને નવા કામો માટેનું આયોજન થઇ શકે તેમજ સ્થળ પર મુલાકાત લીધા સિવાય તમામ વિગતો કચેરીમાં ઉપલબ્ધ થાય તે પ્રકારની વ્યવસ્થા માટે Supervisory Control and Data Acquisition (SCADA) System લગાવવા જણાવવામાં આવેલ. સદર SCADA સિસ્ટમનાં અમલીકરણ બાબતે સંદર્ભિત પત્રથી સૂચનાઓ આપેલ છે. આ બાબતે પુખ્ત વિચારણાનાં અંતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

) <u>પરિપત્ર:</u>

તા: ૦૧/૦૪/૨૦૨૧ થી પ્રગતિ હેઠળનાં કામોના જે પ્લાન્ટ પર SCADA ચાલુ હોય અને તેની વિગતો WORK MONITORING SYSTEM (WMS) પર આવે તો જ અને તે જથ્થા મુજબનું ચુકવણું કરવાનું રહેશે. આ અંગેની જરૂરી ચકાસણી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા કે તેમના દ્વારા અધિકૃત અધિકારી દ્વારા કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં SCADA ચાલુ ન હોવાના કારણે કામમાં વિલંબ થશે તો તે અંગે કોઇ સમયમર્યાદા મળવાપાત્ર રહેશે નહી. આ અંગે હવે પછી મંજૂર થનાર DTPમાં જરૂરી વિગતો /શરતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(એ.બી.નગાણી)
ખાસ ફરજ પરના અધિકારી (ચં.ઓ.)
માર્ગ અને મકાન વિભાગ

૨૯

ટેન્ડર ફોર્મ ભરેલ ના કોન્ટ્રાક્ટરોની માહિતીમાં માટે સામાન્ય નિયમો અને સૂચનોના સૂચન ન.૧૮ માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૩-(૦૨)-સી
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦-૦૪-૨૦૧૩

સંદર્ભ:- મા.મ.વિભાગના ઠરાવ ક્ર. ટીએનસી-૧૦૯૦-(ખાઇબી-૨૨)-(૧૦)-સી તા.૨૪-૦૫-૧૯૯૦

આમુખ:-

ઉપરોકત વિષય અન્વયે ના સંદર્ભીત ઠરાવ માં સૂચન ન.૧૮ માં 'આ કામ માટે ટેન્ડરો રજીસ્ટર ટપાલ દ્વારા રવાના કરવામાં આવે ત્યારબાદ ટેન્ડર પર સ્વિકારવાની સૂચિત તારીખથી ૯૦/૧૨૦ દિવસ સુધી ઓફર ખુલ્લી રહેશે.' તેમ દર્શાવેલ છે.

